Indian Journal of Social Sciences and Literature Studies
Vol. 10, Issue 1, June 2024
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (online)

# કચ્છના અર્થતંત્રમાં પશુપાલન વ્યવસાયનું મહત્વ

**સંશોધક**

**વ્યાસ ઈપ્સા રાજેશભાઈ**

**અર્થશાસ્ત્ર વિભાગ**

**કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી**

**ભુજ**

## સારાંશ

વિશ્વ ફલક પર ભારત દેશ ખેતી પ્રધાન દેશ તરીકેની ખ્યાતિ ધરાવે છે. ખેતી ક્ષેત્ર ભારતીય અર્થતંત્રની જીવાદોરી સમાન છે. ભારતની કુલ વસ્તીના ૭૫% કરતાં વધારે લોકો આજીવિકા માટે ખેતીક્ષેત્ર પર નિર્ભર છે. ખેતીક્ષેત્ર સંલગ્ન પશુપાલન વ્યવસાયએ ખેડૂતો માટે આર્થિક કમાણીનું મહત્વનુ અંગ બની રહે છે. પશુપાલન ખેતીના વ્યવસાય કરનારાઓ માટે પૂરક વ્યવસાય છે. પશુપાલનએ ગ્રામીણ વિસ્તારની આર્થિક સુખાકારીનું મહત્વનુ અંગ બની ગયું છે. સારી ઓલાદના પશુઓ દ્વારા વધારે પ્રમાણમાં ઉત્પાદન મેળવી શકાય છે. જે માટે પશુઓમાં વર્ણ-સંકર અથવા કૃત્રિમ બીજદાન કરવામાં આવે છે. અને નવી જ પશુ ઓલાદ તૈયાર કરવામાં આવે છે. કચ્છ જીલ્લામાં છેલ્લા ૫ વર્ષમાં પશુઓની સંખ્યાની સાથે શુદ્ધ ગાયો, ભેંસો અને વર્ણ-સંકર ગાયોમાં કૃત્રિમ બીજદાનનું પ્રમાણ વધતું જાય છે. અને તેના દ્વારા જન્મેલા પશુઓ વધારે ડેરી પેડશો આપે છે. જેથી પશુપાલકોના જીવનધોરણમાં નોંધપાત્ર વધારો થયો છે.

**મુખ્ય શબ્દો** :- પશુપાલન, દૂધડા પશુઓ, પશુધન, કચ્છમાં પશુપાલન વ્યવસાય, કૃત્રિમ બીજદાન

## પ્રસ્તાવના

કચ્છમાં પશુધન સંવર્ધન એ કૃષિ સંબંધી ખૂબ જ મહત્વપૂર્ણ પ્રવૃત્તિ છે. પરંપરાગત રીતે કચ્છ એ પશુધન સંબંધિત પ્રવૃત્તિઓ માટે જાણીતું છે અને ગ્રામીણ લોક તેના પર ખૂબ નિર્ભર છે. કૃષિ પછી કચ્છમાં પશુપાલન બીજી સૌથી મોટી રોજગારી પૂરી પાડતી પ્રવૃત્તિ છે. પશુપાલન વિકાસ જિલ્લાના ગ્રામીણ અર્થતંત્રના વિકાસ પર સીધી અસર કરે કરે છે. પશુપાલન કચ્છમાં ઘણી ભરવાળ અને બીજી જાતિઓ માટે આવકનો મુખ્ય સ્રોત છે. કચ્છના તમામ તાલુકાઓમાં સમુદાયો દ્વારા ખેતી ઉપરાંત ગાયો અને ભેંસોના દુધ દ્વારા વધારાની આવક મેળવવાના સ્રોત તરીકે ઉછેરવામાં આવે છે. ઘેટાં, બકરા માંસ માટે, ઊંટ, ઘોડો અને ગધેડો મુખ્યત્વે કચ્છ માં ભાર વહન કરવા માટે વિચરતી જાતિઓ દ્વારા ઉછેરવામાં આવે છે. 'બન્ની' ભેંસ, 'કાંકરેજ' ગાય અને બળદ, 'પનવાડી' ઘેટાં અને 'કચ્છ' બકરી કચ્છ મહત્વપૂર્ણ જાતિઓમ સમાવીષ્ટ છે. વિવિધ પ્રાણી ઉત્પાદનો માટે માંગ વધારો, સરળ ઍક્સેસ સાથે માર્કેટિંગ, વિસ્તરીત બજારમાં માળખાકીય ટેકો આપવાની સેવાઓ, વિશાળ નેટવર્ક સાથે જિલ્લામાં આ સંલગ્ન ક્ષેત્રને આવક વધુ મજબૂત કરવા માટે તકો પુરી પાડવામાં આવે છે.

પરંપરાગત રીતે કચ્છ પશુધન સંબંધિત પ્રવૃત્તિઓ માટે પ્રખ્યાત છે અને ગ્રામીણ લોકો તેના પર ખૂબ નિર્ભર છે. કૃષિ પછી કચ્છમાં પશુપાલન એ બીજા નંબરની સૌથી મોટી રોજગારી પૂરી પાડતી પ્રવૃત્તિઓ છે. 'બન્ની' ભેંસ, 'કાંકરેજ' ગાય અને બળદ, 'પાટણવાડી' ઘેટાં અને 'કચ્છ' બકરી એ કચ્છની મહત્વની સાબિતી છે. વિવિધ પ્રાણી ઉત્પાદનોની માંગમાં વધારો અને માર્કેટિંગની સરળ ઍક્સેસ સાથે વિસ્તરતું બજાર માળખાકીય અને સહાયક સેવાઓના વિશાળ નેટવર્ક સાથે જિલ્લામાં આ સંલગ્ન ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા માટેની તકો ઉમેરે છે.

## પશુપાલનનું અર્થ

"એનિમલ" શબ્દ દ્વારા જો કે તેમાં એનિમલિયા રાજ્યના વિવિધ સજીવોનો સમાવેશ થાય છે, જે તેમની પોષણની બિન-પ્રકાશસંશ્લેષણ પદ્ધતિઓ, બિન-સેલ્યુલોસિક કોષ પટલ અને કેન્દ્રિય નર્વસ સિસ્ટમ દ્વારા અલગ પડે છે, પરંતુ તેમ છતાં જ્યારે આપણે પશુપાલનની વાત કરીતો તેમાં પાળેલા પ્રાણીઓ છે જે મોટાભાગે આર્થિક અથવા મનોરંજનના હેતુઓ માટે ઉછેરવામાં આવે છે. જેમ કે ઢોર, ભેંસ, ઘેટા, બકરી, યાક, ઊંટ, ડુક્કર, ઘોડો, કૂતરો, મરઘા વગેરે.

"હસબંડરી" શબ્દ ઘરેલું બાબતોના સંચાલનમાંથી આવ્યો છે, પરંતુ હાલમાં આ શબ્દ ખેતીના સંચાલનમાં પણ વપરાય છે જેમ કે પાક અને પશુપાલન. પશુપાલનના સંબંધમાં વપરાતા શબ્દમાં યોગ્ય ખોરાક, સંવર્ધન, આરોગ્ય સંભાળ, આવાસ અને અન્ય ઘણી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

આ રીતે "પશુપાલન" ને વિજ્ઞાન તેમજ સંચાલનની કળા તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે જેમાં વૈજ્ઞાનિક આહાર, સંવર્ધન, રહેઠાણ, સામાન્ય પાળેલા પ્રાણીઓની આરોગ્ય સંભાળનો સમાવેશ થાય છે, જેમાં મહત્તમ વળતર મેળવવાનું લક્ષ્ય છે.

## ➢ પશુપાલનની વ્યાખ્યા

- પશુઓનું સંવર્ધન, સંભાળ, ઉછેર અને સંચલન. તેમાં પશુઓના ખોરાક, આરોગ્ય, પ્રજનન, અને તેમની ઉપયોગિતા (જેમ કે દૂધ, ઊન, માંસ, ત્વચા, વગેરેના ઉત્પાદન) માટેની વ્યવસ્થાઓનો સમાવેશ થાય છે. પશુપાલન કૃષિ વ્યવસાયનો એક મહત્વપૂર્ણ ભાગ છે, અને આ વ્યવસાય લોકોની આર્થિક અને સામાજિક પ્રગતિમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.
- પશુપાલન એ દૂધ, માંસ, ઊન, ઈંડા અને ચામડા જેવા ઉપયોગી ઉત્પાદનો મેળવવા માટે પ્રાણીઓના સંવર્ધન, ઉછેર અને સંભાળની પ્રથા છે. તેમાં પશુધનના સંચાલનનો સમાવેશ થાય છે, જેમાં ખોરાક, આરોગ્ય સંભાળ, રહેઠાણ અને પ્રજનનનો સમાવેશ થાય છે, જેથી તેમની ઉત્પાદકતા વધારવા અને તેમના કલ્યાણની ખાતરી થાય. આ પ્રથા કૃષિમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે અને વિશ્વભરના ઘણા સમુદાયોના અર્થતંત્ર અને ખાદ્ય પુરવઠામાં ફાળો આપે છે.
- પશુપાલન એ ખેતીની શાખા છે જે પશુધનના સંવર્ધન, ઉછેર અને સંચાલન સાથે સંબંધિત છે જેમ કે ઢોર, ઘેટાં, બકરા, મરઘાં અને અન્ય પાળેલા પ્રાણીઓ ખોરાક, રેસા, શ્રમ અને અન્ય ઉત્પાદનોના ઉત્પાદન માટે.

## ➢ પશુપાલનના પ્રકારો

### ❖ ભુ- સ્તર પશુપાલન

ભુ- સ્તર પશુપાલનમાં ખાસ કરીને ગાય, ભેંસ, બકરા, ઘેંટા, ઊંટ તથા ગધેડા, ખચ્ચર, ઘોડા વગેરે પ્રાણીઓને મેદાનમાં કે ખુલ્લી જગ્યામાં ઉછેરવામાં આવે છે. જો રહેઠાણ સ્થાયી હોય અને પશુઓની સંખ્યા ઓછી હોય તો તેને કોઠાર કે તબેલામાં પણ રાખવામાં આવે છે.

**❖ તળાવ કે સામુદ્રીક પશુપાલન**

ખાસ કરીને દરીયા કિનારાનાં પ્રદેશોમાં સમુદ્રની નજીક તળાવો બનાવીને અથવા દરીયામાં જાળનો બ્લોક બનાવીને તેમાં જળચર જીવોને ઉછેરવામાં આવે છે. તેમાં ખાસ કરીને રોહુ માછલી, સોંઢીયા, કેટ ફીશ તથા , પાપલેટ માછલી તેમજ ચેલીયા માછલીને ઉછેરવામાં આવે છે.

**❖ પાંજરાનું પશુપાલન**

ખાસ કરીને પક્ષીઓ તથા ચપળ જીવોને ઉછેરવા માંટે એક પાંજરામાં તેમને ઉછેરવામાં આવે છે. પશુ-પક્ષીની સંખ્યા પ્રમાણે આ પાંજરાનો આકાર નાનો મોટો હોઇ શકે છે. આ પ્રકારનાં પશુ પાલનમાં ખાસ કરીને મરઘી, બતક, ટર્કી, શાહમૃગ, ઇમુ જેવા પક્ષીઓ તથા મધમાખી જેવા જંતુ તેમજ સસલા જેવા પ્રાણીઓનો સમાવેશ થાય છે.

## ➢ સંદર્ભ સાહિત્યની સમીક્ષા

**બેનરજી જી.સી. (૨૦૧૮) " અ ટેક્સ્ટબૂક ઓફ અનિમલ હસબંડરી**

આ પુસ્તક ભારતમાં પશુપાલનના સંદર્ભમાં છે. જેમાં લેખકે ભારતમાં પશુપાલનની શરૂઆત, વર્ગીકરણ, વર્તમાન અને ભવિષ્યમાં પશુપાલન, પ્રાણીઓમાં લોહીના ઘટકો ખાસ કરીને ઘેટાં,ઘોડા અને ઊંટનું લોહી, પ્રાણીઓમાં પ્રજનન અંગો, પ્રાણીઓમાં ગર્ભાવસ્થા નિદાન, પશુસંવર્ધન, AI દ્વારા કૃત્રિમ સંવર્ધન, કૃત્રિમ સંવર્ધન દરમિયાન પ્રજનનક્ષમતાના પરિબળો, પ્રાણીઓમાં સ્તનધારી ગ્રંથિ અને સ્તનપાન, પશુપોષણ, જાતિ પ્રમાણે પશુઓમાં મહત્વપૂર્ણ લાક્ષણિકતાઓ, વિદેશી ડેરી જાતિઓની લાક્ષણિકતાઓ, ભેંસની ઉત્પતિ અને વિતરણ, પીગ, પોલ્ટ્રી, ઘેટાં, બકરા, ઊંટ, યાક વગેરે પ્રાણીઓની વિસ્તૃત માહિતી તથા ડેરી ફાર્મનું વ્યવસ્થાપન વગેરે જેવી બાબતોની વિસ્તૃતથી ચર્ચા કરવામાં આવી છે.

**જોષી ઋષિકેશ એન. (2020) "ગુજરાતમાં પશુપાલન ક્ષેત્રનું મહત્વ"**

આ સંશોધન પેપર ગુજરાત રાજ્યમાં પશુપાલન ક્ષેત્રના સંદર્ભમાં છે. ગુજરાતને નમૂના તરીકે લઈને ગૌણ માહિતી દ્વારા સંશોધન કરવામાં આવ્યું હતું. ભારત અને ગુજરાતની ઘરેલુ પેદાશ (GDP)માં કૃષિ અને પશુપાલનનો ફાળો અને ગુજરાતમાં પશુધનની માહિતી મેળવવી જેવા હેતુઓ રાખવામા આવ્યા હતા. જેના પરથી એવા તારણો આવ્યા કે દેશની GDP માં ખેતીનો

હિસ્સો ક્રમશ: ઘટતો જાય છે. જે વર્ષ ૧૯૮૦-૯૦ માં ૩૩૪.૭૨% હતું તે વર્ષ ૨૦૧૦-૧૧માં ઘટીને ૧૫.૭૭% થયું છે. જેની સરખામણીમાં પશુપાલનનો હિસ્સો વધારા-ઘટાડા સાથે લગભગ સ્થિર હતું, જે અનુક્રમે ૪.૮૨% અને ૩.૯૩% હતું. તથા ગુજરાતમાં ૧૯૯૫૧ થી ૨૦૧૨ સુધીના પશુધન અંગેના આંકડાઓ દર્શાવે છે કે ૨૦૦૩ સુધી ગુજરાતમાં ગાયોની સંખ્યા સૌથી વધુ હતી પરતું ૨૦૦૩ બાદ ભેંસોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો હતો. સાથે સાથે ઘેટાં-બકરાંની સંખ્યામાં પણ વધારો થયો હતો અને અન્ય પશુઓની સંખ્યા સ્થિર રહી હતી.

**પરાલિયા જયેશ (૨૦૧૫) "ઊંટ પશુપાલન ક્ષેત્રે સંકળાયેલા માલધારીઓનો અભ્યાસ"**

આ સંશોધન પેપર કચ્છ જિલ્લામા ઊંટ પશુપાલન કરતાં માલધારીઓના સંદર્ભમાં હતું. જેમાં ઊંટ માલધારી પશુપાલકોની પ્રાથમિક માહિતી, કુદરત સાથેનો સંબંધ, માલધારીઓની આર્થિક સ્થિતિ અને માલધારીઓને નળતા પડકારો વગેરે જેવા હેતુઓ રાખવામા આવ્યા હતા. કચ્છ જિલ્લાના લખપત, નખત્રાણા અને અબડાસા એમ કુલ ૩ તાલુકાનાં ૩૯૮ ગામોમાંથી ૩૭ ગામના કુલ ૧૨૭ એટલે કે ૧૦૦% માલધારીઓ તથા ૩૩૮૭ ઊંટને યાદચ્છ નિદર્શન પધ્ધતિ દ્વારા નામુનાની પસંદગી કરવા આવી હતી. આના પરથી એવા તારણો આવ્યા કે માલધારીઓ ઊંટ પાલનનો વ્યવસાય છોડીને મજૂરી કે ડ્રાઇવિંગ જેવા કામો તરફ વળ્યા છે. ૫૩ જેટલા ફક્ત પુરુષ ઊંટ માલધારીઓ સ્થળાંતર કરે છે જેનું ટકાવારી પ્રમાણ ૪૧.૭૦% હતું. ૧૬ ઊંટ માલધારીઓ પરિવાર સાથે સ્થળાંતર કર્યું હતું જેનું ટકાવારી પ્રમાણ ૧૬.૬૦% હતું. માલધારીઓના પખામાં પૂરતી સુવિધાઓ નહોતી. ૩૮.૮% માલધારીઓ આ વ્યવસાયથી પોતાના પરિવારના ખર્ચાઓને ફોંચી વળતા નહોતા. ૯૩.૭% માલધારીઓને ઊંટના વેચાણની યોગ્ય કિમત મળતી નથી.

## ➢ સંશોધનના હેતુઓ

1. કચ્છ જિલ્લાના પશુધન અંગેની માહિતી મેળવવી.
2. કચ્છ જીલ્લાના પશુઓમાં કૃત્રિમ બીજદાન અંગેની માહિતી મેળવવી.

## ➢ સંશોધન અભ્યાસનું મહત્વ

- આ સંશોધન અભ્યાસ કચ્છ જિલ્લાના અર્થતંત્રમાં પશુપાલન વ્યવસાયને ઉજાગર કરવામાં મહત્વનું સાબિત થશે.
- આ અભ્યાસથી કચ્છમાં પશુપાલનનું મહત્વ જાણી શકાશે.

- આ અભ્યાસથી કચ્છમાં પશુધનમાં કૃત્રિમ બીજદનના પ્રમાણ અને કૃત્રિમ બીજદાન દ્વારા જન્મેલી સંતતીનું પ્રમાણ વિશે જાણી શકશે.
- આ અભ્યાસ સરકારને નીતિવિષય નિર્ણય લેવામાં મદદરૂપ થશે.

## ➢ સંશોધનનું કાર્યક્ષેત્ર

આ સંશોધન અભ્યાસના કાર્યક્ષેત્રમાં સમગ્ર કચ્છ જીલ્લામાં કુલ પશુપાલન વ્યવસાય દ્વારા મળતી રોજગારી અને પશુઓમાં કૃત્રિમ બીજદાન અંગેની છેલ્લા પાંચ વર્ષની સ્થિતિનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

## ➢ માહિતીના પ્રાપ્તિસ્થાનો

માહિતીની પ્રાપ્તિ માટે વિવિધ સામયિકો, વેબસાઇટ, અન્ય સંશોધન રિપોર્ટ, બુકો અને અંકડકીય માહિતી માટે પશુપાલનના અહેવાલો વગેરેનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## ➢ માહિતીનું વિશ્લેષણ

કચ્છ જિલ્લામાં 21મી પશુધન ગણતરી પ્રમાણે 2019માં કચ્છ જિલ્લામાં પશુધન અંગેની માહિતી

| ક્રમ | તાલુકાનું નામ | ગાયો | ભેંશો | ઘેટાં | બકરાં | ઊંટ | પોલ્ટ્રી | ગધેડા | ઘોડા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અબડાસા | ૬૫૩૭૬ | ૩૩૪૧૪ | ૯૩૮૪૧ | ૫૭૮૩૩ | ૧૧૮૨ | ૫૭૩૨ | ૩૩૭ | ૨૬૪ | ૨૫૭૯૬૧ |
| ૨ | અંજાર | ૪૭૨૧૩ | ૩૨૦૯૫ | **૧૧૭૨૬૪** | ૪૩૯૪૬ | ૩૦૪ | ૩૪૬૨૯ | ૧૧૮ | ૩૨૦ | ૨૭૫૮૮૯ |
| ૩ | ભચાઉ | ૫૧૧૬૩ | ૪૯૪૮૧ | ૧૦૭૯૮૬ | ૪૯૬૪૬ | ૯૬૮ | ૫૬૦૫ | ૧૨ | ૨૬૧ | ૨૬૫૧૨૨ |
| ૪ | ભુજ | **૧૧૦૬૮૬** | **૧૫૬૧૯૪** | ૬૦૫૪૫ | **૧૦૦૬૦૯** | **૨૪૬૮** | **૪૪૪૧૦** | **૪૩૩** | **૧૪૫૮** | **૪૭૬૮૦૩** |
| ૫ | ગાંધીધામ | ૧૫૪૧૫ | ૬૪૬૬ | ૧૨૫૬૩ | ૪૧૨૭ | ૨૧ | ૧૦૦૧ | ૧૦ | ૬૪ | ૩૯૬૬૭ |
| ૬ | લખપત | ૩૪૦૫૧ | ૫૧૪૮૫ | ૨૯૭૧૧ | ૨૪૭૧૮ | ૮૯૦ | ૩૬૮ | ૩૮ | ૧૧૬ | ૧૪૧૩૭૭ |
| ૭ | માંડવી | ૮૩૫૧૧ | ૧૭૬૮૩ | ૨૪૦૮૯ | ૩૬૯૨૦ | ૭૭ | ૫૩૨૧૮ | ૨૬૫ | ૧૬૫ | ૨૧૫૯૨૮ |
| ૮ | મુન્દ્રા | ૫૯૯૬૬ | ૨૪૫૪૮ | ૩૨૩૨૬ | ૨૯૧૭૩ | ૮૭૨ | ૨૩૪૮૩ | ૩૫ | ૨૩૯ | ૧૭૦૬૪૨ |
| ૯ | નખત્રાણા | ૩૮૯૨૮ | ૪૧૧૬૯ | ૪૮૮૨૧ | ૫૧૧૨૩ | ૧૦૫૩ | ૨૯૬૧ | ૬૭ | ૧૦૫ | ૧૮૪૨૨૭ |
| ૧૦ | રાપર | ૬૮૫૨૬ | ૫૩૮૦૬ | ૮૩૪૮૩ | ૪૧૧૬૩ | ૧૨૧૮ | ૨૨૨ | ૨૨ | ૧૨૫ | ૨૪૮૫૬૭ |
| | કુલ | ૫,૭૪,૮૩૭ | ૪,૬૬,૩૪૧ | ૬,૧૦,૬૨૯ | ૪,૩૯,૩૫૮ | ૯,૦૫૩ | ૧,૭૧,૬૨૯ | ૧,૩૩૭ | ૩,૦૯૯ | ૨૨૭૬૧૮૩ |

- કચ્છ જિલ્લામાં 21મી પશુધન ગણતરી પ્રમાણે 2019માં કચ્છ જિલ્લામાં પશુધન અંગેની માહિતી

સ્ત્રોત:- જિલ્લા પંચાયત કચેરી, ભુજ-કચ્છ

અર્થઘટન:- ઉપરોક્ત કોષ્ટકમાં કચ્છ જિલ્લાના તાલુકા પ્રમાણે ૨૦૧૯ની પશુધન ગણતરી પ્રમાણે ગાય, ભેંસ, ઘેટાં, બકરા, ઊંટ, પોલ્ટ્રી, ગધેડા, અને ઘોડા એમ બધા જ પશુધનની સંખ્યા દર્શાવવામાં આવેલી છે.

અહીં કચ્છ જિલ્લાના ભુજ તાલુકામાં પશુધન સંખ્યા સૌથી વધુ ૪,૭૬,૮૦૩ જોવા મળે છે. જેમાં ગાય, ભેંસ, બકરા, ઊંટ પોલ્ટ્રી, ગધેડા અને ઘોડા એમ ઘેટાંની સખ્યને બાદ કરતાં બીજા બધા પશુઓની સંખ્યા ભુજ તાલુકામાં સૌથી વધુ જોવા મળે છે.

કચ્છ જિલ્લાના અંજાર તાલુકામાં ઘેટાની સંખ્યા ૧,૧૭૨,૬૪ જે સૌથી વધુ છે.

આમ, કચ્છ જીલ્લામાં કુલ ગાય, ભેંસ, ઘેટાં, બકરા, ઊંટ, પોલ્ટ્રી, ગધેડા અને ઘોડા એમ કુલ મળીને ૨૨,૭૬,૧૮૩જેટલી સંખ્યા છે.

- **કચ્છ જીલ્લામાં પશુધનમા કૃત્રિમ બીજદાન અંગેની વિગત.**

| ક્રમ | કામગીરીની વિગત | વર્ષ | ૨૦૧૯-૨૦ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ | ૨૦૨૩-૨૪ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | કૃત્રિમ બીજદાન | શુદ્ધ ગાય વર્ગ | ૧૭૫૪ | ૧૦૯૫૬ | ૭૬૪૯ | ૮૩૨૪ | ૮૧૩૭ |
| | | ભેંસ વર્ગ | ૧૧૦૯ | ૮૧૯૦ | ૬૩૩૧ | ૬૧૫૩ | ૭૭૮૩ |
| | | કુલ | ૨૮૬૩ | ૧૯૧૪૬ | ૧૩૯૮૦ | ૧૪૪૭૭ | ૧૫૯૨૦ |
| | | સંકર ગાય વર્ગ | ૧૭૦૧ | ૫૬૦૭ | ૩૮૮૫ | ૩૧૧૮ | ૩૩૩૭ |
| | કુલ કૃત્રિમ બીજદાન | કુલ | ૪૫૬૪ | ૨૪૭૫૩ | ૧૭૮૬૫ | ૧૭૫૯૫ | ૧૯૨૫૭ |
| ૨. | કૃત્રિમ બીજદાન થી જન્મેલી સંતતિ | શુદ્ધ ગાય વર્ગ | ૩૮૨ | ૧૦૭૦ | ૪૬૪૪ | ૨૯૧૧ | ૩૫૭૦ |
| | | ભેંસ વર્ગ | ૧૬૫ | ૬૧૬ | ૪૫૧૪ | ૨૧૮૨ | ૨૯૬૩ |
| | | કુલ | ૫૪૭ | ૧૬૮૬ | ૯૧૫૮ | ૫૦૯૩ | ૬૫૩૩ |
| | | સંકર ગાય વર્ગ | ૩૫૨ | ૧૦૯૧ | ૧૭૪૨ | ૧૪૪૧ | ૧૨૧૬ |
| કૃત્રિમ બીજદાનથી જન્મેલી કુલ સંતતિ | | | ૮૯૯ | ૨૭૭૭ | ૧૦૯૦૦ | ૬૫૩૪ | ૭૭૪૯ |

સ્રોત:- જિલ્લા પંચાયત કચેરી, ભુજ-કચ્છ વર્ષ-૨૦૨૪.

ઉપરોક્ત કોષ્ટકમાં કચ્છના પશુધનમાં કૃત્રિમ બીજદાન અને તેનાથી જન્મેલી સંતતિની છેલ્લા પાંચ વર્ષની વિગતો દર્શાવવામાં આવી છે.

- અહી પશુધનમાં કૃત્રિમ બીજદાન અંગે વર્ષ પ્રમાણે વધારો-ઘટાડો જોવા મળે છે. શુદ્ધ ગાય અને ભેંસ વર્ગમાં વર્ષ ૨૦૨૦-૨૧ માં સૌથી વધુ જે શુદ્ધ ગાય વર્ગમાં ૧૦૯૫૬ અને ભેંસ વર્ગમાં ૮૧૯૦ જેટલું હતું. જ્યારે સંકર ગાયમાં ૫૬૦૭ જેટલું હતું. આમ, વર્ષ ૨૦૨૦-૨૧માં કુલ કૃત્રિમ બીજદાનનું પ્રમાણ ૨૪,૭૫૩ જેટલું હતું.
- જ્યારે વર્ષ ૨૦૧૯-૨૦, ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કુલ કૃત્રિમ બીજદાનનું પ્રમાણ અનુક્રમે ૪૫૬૪, ૧૭૮૬૫,૧૭૫૯૫ અને ૧૯,૨૫૭ જેટલું હતું.
- કૃત્રિમ બીજદાન દ્વારા જન્મેલી સંતતિનું પ્રમાણ વર્ષ ૨૦૨૧-૨૨માં સૌથી વધુ (૧૦,૯૦૦) જોવા મળે છે. શુદ્ધ ગાય વર્ગમાં તેનું પ્રમાણ સતત વધતું જાય છે, જ્યારે ભેંસ વર્ગમાં તેના પ્રમાણમાં વધારો-ઘટાડો થતું જોવા મળે છે.
- કૃત્રિમ બીજદાનથી જન્મેલી સંતતિનું પ્રમાણ વર્ષ ૨૦૧૯-૨૦,૨૦૨૦૨-૨૧,૨૦૨૧-૨૨,૨૦૨૨-૨૩,અને ૨૦૨૩-૨૪માં અનુક્રમે ૮૯૯, ૧૦૯૦૦, ૬૫૩૪ અને ૭૭૪૯ જેટલું હતું.

## ➢ સંશોધન અભ્યાસના તારણો

- આ સંશોધન અભ્યાસ દરમિયાન જાણવા મળ્યું કે કચ્છ જીલ્લામાં પશુધન સંખ્યામાં વધારો થતો જાય છે. સૌથી વધુ પશુધન સંખ્યા ભુજ તાલુકામાં છે. બીજા ક્રમે અંજાર છે અને સૌથી ઓછી પશુધન સંખ્યા ગાંધીધામમાં છે માત્ર ૩૯,૯૬૬૭ જેટલી જ છે.
- કચ્છ જીલ્લામાં પશુધનમાં કૃત્રિમ બીજદાનનું પ્રમાણ વર્ષ ૨૦૨૦-૨૧માં સૌથી વધુ હતું. જે શુદ્ધ ગાય વર્ગમાં સૌથી વધુ છે. પછી ભેંસ વર્ગ અને સંકર ગાય વર્ગનું સમાવેશ થાય છે.
- કૃત્રિમ બીજદાન દ્વારા જન્મેલી કુલ સંતતિના પ્રમાણમાં વધારો-ઘટાડો જોવા મળે છે જેમાં શુદ્ધ ગાય વર્ગ અને ભેંસ વર્ગમાં સતત વધારો જોવા મળે છે જ્યારે સંકર ગાય વર્ગમાં ૨૦૨૧-૨૨માં સૌથી વધુ વધારો થયો હતો.

## ➢ સંદર્ભ સૂચિ


૧. જિલ્લા પંચાયત કચેરી ભુજ-કચ્છ.

૨. https://kachchh.nic.in

3. G.C. Banerji "Textbook of Animal Husbandry" 2018

**૪. જોષી ઋષિકેશ એન. (2020) "ગુજરાતમાં પશુપાલન ક્ષેત્રનું મહત્વ" Research Guru Volume-14, Issue-3, Issn:2349-266X, December-2020**

**૫. પરાલિયા જયેશ "ઊંટ પશુપાલન ક્ષેત્રે સંકળાયેલા માલધારીઓનો અભ્યાસ" K.C.G. Issue-17 ISSN- 2779-0241 june-July 2015.**